For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રણોલીમાં કેમિકલ માફિયાનો આતંક, સત્યનારાયણ સોસાયટીના રહીશોનું જીવવું હરામ

# ખુલ્લેઆમ કેમિકલ ભરેલી ગાડીઓ ખાલી કરાતા આખા વિસ્તારમાં દુર્ગંધ,બાળકોના આરોગ્ય સામે જોખમ

**મહિલા** સરપંચ સ્થળ પર દોડી આવ્યા,ચકાસણી કરી આગળની કાર્યવાહી કરાશેની ખાતરી આપી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા નજીક આવેલા રણોલી ગામની સત્યનારાયણ સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસથી કેમિકલની અસહ્ય દુર્ગંધથી રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. સોસાયટીની બાજુમાં જ કેમિકલ ભરેલા ટેન્કરો ખાલી કરાતા હોવાનો સ્થાનિકોએ ગંભીર આક્ષેપ કર્યો છે.

રણોલી વિસ્તારના સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, દિવસ-રાત કેમિકલ ભરેલી ગાડીઓ આવે છે અને ખુલ્લેઆમ કેમિકલ ખાલી કરવામાં આવે છે. જેના કારણે સમગ્ર સોસાયટીમાં તીવ્ર દુર્ગંધ પ્રસરી જાય છે. આ દુર્ગંધના કારણે લોકોનું ઘરમાં રહેવું મુશ્કેલ બન્યું છે, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોને શ્વાસ લેવામાં તકલીફ અને ઉબકા જેવી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે રહીશોની ફરિયાદ મળતા જ રણોલી ગ્રામ પંચાયતના સરપંચ પ્રવીણાબેન રોહિત તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. સ્થાનિકોની માંગ છે કે તંત્ર તાત્કાલિક આ સ્થળે તપાસ કરે, આ કેમિકલ કયા પ્રકારનું છે અને તેનું ગેરકાયદેસર ડમ્પિંગ કોણ કરી રહ્યું છે તેની તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે. જો સમયસર પગલાં નહીં લેવાય તો રહીશોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થઈ શકે છે. સરપંચ પ્રવીણાબેન રોહિતે જણાવ્યું હતું કે, હું જાતે સત્યનારાયણ સોસાયટીમાં આવી હતી. સ્થળ તપાસ કરતાં મને પોતાને પણ તીવ્ર દુર્ગંધ આવી રહી હતી. એટલી બધી ગેસની દુર્ગંધ છે કે અહીં ઊભું પણ રહી શકાતું નથી. હાલ પૂરતું આ દુર્ગંધ ક્યાંથી આવી રહી છે તેનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. હું આ મામલે તપાસ કરાવી રહી છું અને બે દિવસમાં જ યોગ્ય કાર્યવાહી કરી આ ગેસની દુર્ગંધ બંધ કરાવીશ, જેથી લોકો શાંતિથી જીવન જીવી શકે. બાળકોને, માતા-બહેનોને કે કોઈને પણ તકલીફ ન પડે તે માટે અમે ચકાસણી કરીને આગળની કાર્યવાહી કરીશું.



#### મહિલા સરપંચને ઘેરી ઉગ્ર રજૂઆત

સરપંચ સ્થળ પર આવતા સ્થાનિકોએ તેઓને ઉગ્ર રજૂઆત કરી હતી. રહીશો મુજબ છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય કેમિકલની દુર્ગંધ આવી રહી છે. જેના કારણે લોકોને શ્વાસ લેવામાં અને બોલવામાં તકલીફ પડી રહી છે. આ પ્રદૂષણ અને દુર્ગંધના કારણે નાના બાળકોને ઉલ્ટીઓ થઈ રહી છે. જ્યારે ગ્રામજનો સરપંચને રજૂઆત કરવા જાય છે, ત્યારે તેઓ એવું કહે છે કે તલાટી વગર સોસાયટીમાં આવીશ નહીં. ઘરોના રસોડામાં પણ કેમિકલ બેક મારે છે. મહિલાઓ રોષ વ્યક્ત કરતા પૂછે છે કે અમારે હવે શું કરવું? આના પર શું એક્શન લેવો?

### રાજવી ટાવર નજીક બાઇક અને કાર વચ્ચે અકસ્માત

# અટલ બ્રિજના ચઢાણ પાસે કારની ટક્કરે ૨૭ વર્ષીય યુવાનનું મોત

**પૂરઝડપે** આવતી કારની ટક્કરથી બાઈકચાલક ફંગોળાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. રાજવી ટાવર પાસેથી અટલ બ્રિજ પર ચડવાના માર્ગે કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 27 વર્ષીય આદિલ શેખનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.



મળતી માહિતી મુજબ, આદિલ શેખ બાઈક લઈને રાજવી ટાવર નજીકથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન પૂરઝડપે આવતી કારના ચાલકે કાબૂ ગુમાવતાં બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે આદિલ રોડ પર પટકાયો હતો અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. યુવાન પુત્રના અચાનક મોતથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે. પરિવારજનો અને સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે કારચાલકની બેદરકારીને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. તેમણે અકસ્માતનાં સાચાં કારણો જાણવા આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવા અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી છે.

## દરજીપુરા એરફોર્સ બ્રિજ પર વાહનની ટક્કરે મહિલાનું મોત

**એક્ટિવા** સવાર લતાબેન ઝાલાને કચડી વાહનચાલક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.24

નેશનલ હાઈવે-48 પર આવેલા દરજીપુરા એરફોર્સ બ્રિજ પર અજાણ્યા વાહનની ટક્કરે એક્ટિવા સવાર મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો.

મૃતક મહિલાની ઓળખ લતાબેન સુનિલસિંહ ઝાલા તરીકે થઈ છે. તેઓ મૂળ બાલાસિનોરના વતની હતા અને હાલ રાજપીપળા ખાતે રહેતા હતા. મળતી માહિતી મુજબ, લતાબેન એક્ટિવા લઈને દરજીપુરા એરફોર્સ બ્રિજ પરથી પસાર થઈ રહ્યાં હતાં. દરમિયાન પૂરઝડપે આવેલા અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.



ઘટનાની જાણ થતાં હરણી પોલીસ અને નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ મામલે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેની ઓળખ મેળવવા અને અકસ્માતનાં કારણો જાણવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગોત્રી બ્રિજ અકસ્માતમાં મૃત્યુઆંક બે થયો, ૯ને ઈજા

**૭થી ૮** વાહનોને બેકાબૂ વાહનની ટક્કર; ગંભીર ઈજાગ્રસ્ત મહિલાનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરાના ગોત્રી બ્રિજ પર ગત મોડી સાંજે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં મૃત્યુઆંક બે થયો છે. પૂરઝડપે આવેલા બેકાબૂ વાહને ઓટોરિક્ષા, કાર અને બાઈક સહિત 7થી 8 વાહનોને ટક્કર મારતાં રિક્ષાચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે





ગંભીર રીતે ઘાયલ મહિલાએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. અકસ્માતમાં અન્ય નવ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, બેકાબૂ વાહને ગોત્રી બ્રિજ પરથી પસાર થતાં અનેક વાહનોને અડફેટે લીધાં હતાં. ટક્કર એટલી જોરદાર હતી કે ઓટોરિક્ષાને ભારે નુકસાન થયું હતું. અકસ્માતમાં રિક્ષાચાલક અર્જુનસિંહ પઢિયારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

આ જ અકસ્માતમાં ગિરજાબેન મિસ્ત્રીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રથમ ગોત્રી જીએમઆરએસ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. અન્ય નવ ઈજાગ્રસ્તોને પણ સારવાર આપવામાં આવી રહી છે.

### ૨૫થી ૩૦ વર્ષથી અવરજવર કરતા સભાસદોને મુશ્કેલી પડતાં ભારે આક્રોશ

# માં પાર્ટી પ્લોટના માલિકની દાદાગીરી અને મનમાની બળજબરીથી ગોકુળ એસ્ટેટનો રસ્તો ખોદી નાખ્યો

**પાર્ટી પ્લોટના** માલિક તપન તેમજ મળતીયા ચિરાગ સામે કાયદેસરની કાર્યવાહી કરવા હરણી પીઆઇ અને પોલીસ કમિશનર સુધી રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા. 24

શહેરના હરણી વિસ્તારમાં આવેલા ગોકુળ એસ્ટેટમાં અવરજવર માટેના એકમાત્ર રસ્તાને કથિત રીતે જેસીબીથી ખોદી નાખતાં વિવાદ સર્જાયો છે. છેલ્લા 25થી 30 વર્ષથી આ રસ્તાનો ઉપયોગ કરતા એસ્ટેટના સભાસદોએ માં પાર્ટી પ્લોટના માલિક તપનભાઈ અને તેમના કર્મચારી ચિરાગ સામે ગાળાગાળી, દાદાગીરી અને ધમકી આપ્યાના આક્ષેપો કર્યા છે. આ મામલે સભાસદોએ હરણી પોલીસ સ્ટેશનના પીઆઈ અને વડોદરા પોલીસ કમિશનરને રજૂઆત કરી ન્યાયની માગણી કરી છે.



સભાસદોના જણાવ્યા અનુસાર, ગોકુળ એસ્ટેટમાં જવા-આવવા માટે આ એકમાત્ર રસ્તો છે, જેનો તેઓ વર્ષોથી ઉપયોગ કરે છે. જોકે, પાર્ટી પ્લોટના માલિકે કર્મચારી ચિરાગ સાથે મળીને કથિત રીતે જેસીબીથી રસ્તો ખોદી નાખતાં સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ છે.

રસ્તો ખોદી નાખવામાં આવ્યાની જાણ થતાં સભાસદો સ્થળ પર પહોંચ્યા હતા અને તેનું કારણ પૂછ્યું હતું. આ દરમિયાન તેમની સાથે અયોગ્ય વર્તન કરી ગાળાગાળી અને દાદાગીરી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. સ્થાનિકોને ડરાવવા બહારથી અન્ય લોકોને બોલાવવામાં આવ્યા હોવાનો દાવો પણ કરાયો છે.

#### ગોકુળ એસ્ટેટમાં વાહનોનાં ટાયર પંચર કરી તોડફોડનો આક્ષેપ

ગોકુળ એસ્ટેટમાં દોઢ મહિના અગાઉ રોડની કામગીરી દરમિયાન પાર્ક કરેલાં વાહનોનાં ટાયર 'આમ' પાર્ટી પ્લોટના માલિક તપનભાઈએ પંચર કરી તોડફોડ કરી હોવાનો આક્ષેપ છે. વેપારીઓએ તપનના દાદાને રજૂઆત કરતાં તેમણે છોકરો ગુસ્સાવાળો હોવાનું કહી વાત ટાળી દીધી હોવાનો દાવો કર્યો છે. આથી વેપારીઓમાં રોષ છે.

# વિદ્યાસહાયક ભરતી, ૨૯મીથી જિલ્લા પસંદગી પ્રક્રિયા શરૂ થશે

**મેરિટમાં** સ્થાન પામેલા ઉમેદવારો પોર્ટલ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી શકશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક ભરતી 2026ની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર છે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 1થી 5ના અન્ય માધ્યમના ઉમેદવારોના કોલ લેટર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે. મેરિટ યાદીમાં સ્થાન મેળવનારા ઉમેદવારો ભરતી પોર્ટલ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

ઉમેદવારો રજિસ્ટ્રેશન નંબર અને જન્મતારીખની મદદથી કોલ લેટર મેળવી શકશે. કોલ લેટરની પ્રિન્ટ કાઢીને પોતાની પાસે રાખવાની રહેશે. ભરતી પ્રક્રિયાના આગામી તબક્કામાં 29 ઓક્ટોબરથી જિલ્લા પસંદગીની પ્રક્રિયા શરૂ થશે. આ પ્રક્રિયા દરમિયાન ઉમેદવારોને ઉપલબ્ધ જગ્યાઓ અને લાગુ પડતા નિયમો અનુસાર જિલ્લાની પસંદગી કરવાની તક મળશે.

ઉમેદવારોએ કોલ લેટરમાં દર્શાવેલી તારીખ અને સમયે નિર્ધારિત સ્થળે હાજર રહેવાનું રહેશે. જિલ્લા પસંદગી દરમિયાન શૈક્ષણિક લાયકાતનાં તમામ અસલ પ્રમાણપત્રો, જરૂરી દસ્તાવેજો અને તેમની સ્વ-પ્રમાણિત નકલો સાથે રાખવી પડશે. દસ્તાવેજ ચકાસણી વખતે જરૂરી પુરાવા રજૂ કરવાના રહેશે. નિયત તારીખ અને સમયે ગેરહાજર રહેનારા ઉમેદવારોની ઉમેદવારી પર અસર પડી શકે છે.

દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારો માટે ભરતી સમિતિએ અલગ માર્ગદર્શિકા અને સૂચનાઓ જાહેર કરી છે. આવા ઉમેદવારોએ સંબંધિત સૂચનાઓનો અભ્યાસ કરીને જરૂરી દસ્તાવેજો સાથે પ્રક્રિયામાં ભાગ લેવો. તમામ ઉમેદવારોએ ભરતી પોર્ટલ પરની અધિકૃત સૂચનાઓ તપાસીને સમયસર આગળની કાર્યવાહી પૂર્ણ કરવી જરૂરી છે. ભરતી સંબંધિત નવી જાહેરાતો અને સૂચનાઓ માટે ઉમેદવારોએ સત્તાવાર પોર્ટલ નિયમિત તપાસતા રહેવું જોઈએ.

# દિવાળીપુરામાં પત્નીના ત્રાસથી કંટાળી પતિએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**'મારી** સાથે રહેવું હોય તો રહે, નહીં તો મરી જા' કહ્યું હોવાનો પિતાનો આક્ષેપ; અકોટા પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરના દિવાળીપુરા વિસ્તારમાં પત્નીના કથિત માનસિક ત્રાસથી કંટાળીને 25 વર્ષીય યુવકે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. પત્નીએ 'મારી સાથે રહેવું હોય તો રહે, નહીં તો મરી જા' કહ્યું હોવાનો આક્ષેપ મૃતકના પિતાએ ફરિયાદમાં કર્યો છે. અકોટા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

દિવાળીપુરાના રંગ અવધૂતપુરામાં રહેતા અને રાહુલ ઓટો ગેરેજના સંચાલક રાહુલભાઈ પગીના મોટા પુત્ર ચિરાગનાં લગ્ન વર્ષ 2024માં સ્નેહા સાથે થયાં હતાં. તેમને દોઢ વર્ષની પુત્રી છે. ચિરાગ ભગવતી ઓટો પાર્ટ્સમાં નોકરી કરતો હતો. પારિવારિક વિવાદને પગલે બનેલી આ ઘટનાથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.

ફરિયાદ મુજબ, 22 ઓક્ટોબરની રાત્રે ચિરાગને પત્ની અન્ય યુવક સાથે મોબાઈલ પર વાત કરતી હોવાની જાણ થતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. પત્નીએ તે યુવક પોતાનો મિત્ર હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ સ્નેહા પુત્રીને લઈને પિયર જતી રહી હતી.

બીજા દિવસે સવારે ચિરાગના નાના ભાઈ કૌશલને ઝઘડાની જાણ થતાં પરિવારજનોએ ચિરાગની શોધખોળ કરી હતી. દરમિયાન તે ઘરના ત્રીજા માળે રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. પરિવારજનો તેને ગોત્રી જનરલ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે બપોરે 12.45 વાગ્યે મૃત જાહેર કર્યો હતો.

મૃતકના પિતાએ પત્ની સામે માનસિક ત્રાસના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં પારિવારિક વિવાદ અને ઘટનાની અન્ય વિગતો અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

### અમૃતસરથી બાંદ્રા જતી ટ્રેનમાં DRIની ટીમે બાતમીના આધારે ચેકિંગ હાથ ધર્યું

# પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી કરોડોની કિંમતનું MD ડ્રગ્સ ઝડપાયું, નાઈજીરિયનની ધરપકડ

**માદક** પદાર્થના જથ્થા સાથે આરોપીને વડોદરા RPF મથકે લવાયો, FSLની મદદથી તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા નજીકથી પસાર થતી અમૃતસરથી બાંદ્રા જતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે MD ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે ચાલુ ટ્રેનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં માદક પદાર્થના જથ્થા સાથે એક નાઈજીરિયન મહિલાને ઝડપી લેવામાં આવી હતી. કરોડો રૂપિયાની કિંમતનો હોવાનું મનાતો આ જથ્થો કબજે કર્યા બાદ આરોપીને વડોદરા RPF મથકે લાવવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા પદાર્થની ખરાઈ કરવા માટે DRIની ટીમે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મદદ લીધી છે.



પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી MD ડ્રગ્સનો જથ્થો મળી આવતાં તપાસ એજન્સીઓમાં દોડધામ મચી છે. DRIની ટીમને ટ્રેનમાં માદક પદાર્થની હેરાફેરી થવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે ટીમે અમૃતસરથી બાંદ્રા તરફ જતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં ચેકિંગ હાથ ધર્યું હતું.

ચેકિંગ દરમિયાન એક નાઈજીરિયન



માટે FSLની મદદ લેવામાં આવી છે. આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને તેની પાછળ કોઈ આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક કાર્યરત છે કે કેમ તે સહિતની દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગરીબ રથ એક્સપ્રેસમાં ટીસી સ્ટાફ પર હુમલો, ચાર કર્મચારી ઈજાગ્રસ્ત

**વિસલ** વગાડી ધમાલ કરતા મુસાફરોને સમજાવતાં ૧૦થી ૧૨ શખ્સોએ માર માર્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.24

રતલામથી વડોદરા આવી રહેલી ગરીબ રથ એક્સપ્રેસમાં ફરજ બજાવતા ટિકિટ ચેકિંગ સ્ટાફ પર 10થી 12 મુસાફરોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ટ્રેનમાં વિસલ વગાડી ધમાલ કરતા મુસાફરોને શાંત રહેવા સમજાવતાં ઉશ્કેરાયેલા ટોળાએ ચાર જેટલા ટીસી કર્મચારીઓને માર મારતાં રેલવે કર્મચારીઓમાં રોષ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, ટ્રેનમાં કેટલાક મુસાફરો વિસલ વગાડી મોટેથી હોબાળો મચાવતા હતા. આથી અન્ય મુસાફરોને અસુવિધા થતાં ફરજ પરના ટીસી વસંત અહેલાવત અને તેમના સહકર્મીઓએ તેમને શાંતિ જાળવવા સમજાવ્યા હતા. જોકે, આ બાબતે બોલાચાલી થતાં 10થી 12 શખ્સોએ એકત્ર થઈ ટીસી સ્ટાફ પર હુમલો કર્યો હતો. ચાલુ ટ્રેનમાં કર્મચારીઓને ગડદાપાટુનો માર મારવામાં આવતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો.

ટ્રેન વડોદરા સ્ટેશન પહોંચતાં રેલવે પોલીસ અને જીઆરપી દ્વારા ઈજાગ્રસ્ત ચાર કર્મચારીઓને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાને પગલે રેલવે યુનિયન અને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફરજ પરના કર્મચારીઓની સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થયો છે. રેલવે પોલીસે હુમલાખોરોની ઓળખ કરી તેમની ધરપકડ કરવા માટે તપાસ હાથ ધરી છે.

### CAITનો રિપોર્ટ : ગત વર્ષ કરતા ૧૫ થી ૧૮ ટકા વધુ વેપાર થશે, વોકલ ફોર લોકલ બન્યું તહેવારોની તાકાત

# દિવાળી સુધીમાં કરોડોના વેપારનો અંદાજ, વડોદરાના બજારોમાં પણ તેજીનો માહોલ

**ગત વર્ષની** સરખામણીએ ૧૫થી ૧૮ ટકા વૃદ્ધિની શક્યતા, વડોદરાના બજારોમાં પણ ખરીદીનો માહોલ

**કરિયાણું,** સોના-ચાંદી અને ઇલેક્ટ્રોનિક્સની ખરીદીમાં તેજીની આશા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

તહેવારોની સિઝનમાં દેશભરના વેપારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)ના અંદાજ મુજબ, આ વર્ષે નવરાત્રીથી દિવાળી સુધી દેશમાં રૂ. 7 લાખ કરોડથી વધુનો વેપાર થવાની શક્યતા છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વેપારમાં 15થી 18 ટકાનો વધારો થવાનો અંદાજ છે.



CAIT ગુજરાત-વડોદરાના પ્રમુખ પરેશ પરીખના જણાવ્યા મુજબ, ગત વર્ષે દિવાળીના સમયગાળામાં દેશમાં રૂ. 6.05 લાખ કરોડનો વેપાર થયો હતો. તેમાં રૂ. 5.40 લાખ કરોડનો માલસામાન અને રૂ. 65 હજાર કરોડનો સર્વિસ સેક્ટરનો વેપાર સામેલ હતો. આ વર્ષે સર્વિસ સેક્ટરમાં 20થી 25 ટકાનો વધારો થવાની શક્યતા છે. તેના કારણે આ ક્ષેત્રનો વેપાર રૂ. 80 હજાર કરોડથી રૂ. 1 લાખ કરોડ સુધી પહોંચી શકે છે.

તહેવારોની ખરીદીમાં કરિયાણું અને એફએમસીજીનો 12 ટકા, સોના-ચાંદી અને ઘરેણાંનો 10 ટકા, ઈલેક્ટ્રોનિક્સનો 8 ટકા તથા રેડીમેડ કપડાં અને ગિફ્ટ આઈટમ્સનો 7-7 ટકા હિસ્સો રહેવાનો અંદાજ છે.

વડોદરામાં પણ નવરાત્રીથી ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. માંડવી, લહેરીપુરા, રાવપુરા અને અલકાપુરી સહિતનાં મુખ્ય બજારોમાં ગ્રાહકોની અવરજવર વધી રહી છે. વેપારીઓને આશા છે કે દિવાળી સુધી ખરીદીમાં વધુ તેજી આવશે. CAITના જણાવ્યા મુજબ, સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે લોકોનો વધતો રસ પણ વેપારને વેગ આપી રહ્યો છે. લોકો સ્થાનિક કારીગરો, નાના ઉદ્યોગો (MSME) અને મહિલા સાહસિકો દ્વારા બનાવવામાં આવતી વસ્તુઓ ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. તેનાથી નાના વેપારીઓને લાભ મળી રહ્યો છે.

CAITએ લોકોને આ દિવાળીએ સ્થાનિક અને ભારતીય ઉત્પાદનો ખરીદવા અપીલ કરી છે. 'વોકલ ફોર લોકલ', 'મેડ ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવા અભિયાનોને મળતો પ્રતિસાદ તહેવારોના વેપાર માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે.

# વેટ વિભાગમાં પ્રમોશન-પગારનો પ્રશ્ન ગૂંચવાયો ૪૫૦ અધિકારીઓ બે વર્ષથી બઢતીથી વંચિત

**નાણા** અને મહેકમ વિભાગ વચ્ચે ફાઈલ અટવાઈ

**2021માં** GPSC પાસ કરનારા ટેક્સ ઇન્સ્પેક્ટરોને પાંચ વર્ષ બાદ પણ ફુલટાઇમ પગારની રાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ગુજરાતના વેટ વિભાગમાં અધિકારીઓની બઢતી અને ફુલટાઈમ પગારનો પ્રશ્ન લાંબા સમયથી પડતર રહેતાં કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો છે. વિભાગમાં ફરજ બજાવતા અંદાજે 415થી 450 અધિકારીઓ બે વર્ષથી આસિસ્ટન્ટ કમિશનર તરીકેની બઢતીથી વંચિત હોવાની રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ, વર્ષ 2021માં GPSCની પરીક્ષા પાસ કરીને ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ભરતી થયેલા અધિકારીઓને પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ પણ ફુલટાઈમ પગારનો લાભ મળ્યો નથી.

મળતી વિગતો મુજબ, વેટ વિભાગમાં આસિસ્ટન્ટ કમિશનરની અંદાજે 250થી 300 જગ્યાઓ હોવાનું જણાવાય છે, જેમાં કેટલીક જગ્યાઓ ખાલી છે. આશરે 415થી 450 અધિકારીઓને પાછલી અસરથી બઢતી આપવાની પ્રક્રિયા બે વર્ષથી પેન્ડિંગ હોવાનું કહેવાય છે. બઢતીનો નિર્ણય લેવામાં આવે તો અધિકારીઓની કારકિર્દી સંબંધિત પ્રશ્નો ઉકેલાવાની સાથે વહીવટી કામગીરીનું ભારણ ઘટાડવામાં પણ મદદ મળી શકે છે.

બીજી તરફ, વર્ષ 2021માં GPSC પાસ કરીને ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ભરતી થયેલા અંદાજે 37 અધિકારીઓનો ફુલટાઈમ પગારનો પ્રશ્ન પણ અટવાયેલો છે. ફેબ્રુઆરીમાં પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ વધારાના નવ મહિના વીતી જવા છતાં નિર્ણય ન લેવાયો હોવાની રજૂઆત છે. પગારનો લાભ ન મળતાં અધિકારીઓના મનોબળ અને કામગીરી પર અસર થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બઢતી અને પગારના બંને મુદ્દે વારંવાર રજૂઆતો કરવા છતાં નાણા વિભાગ અને મહેકમ વિભાગ દ્વારા નક્કર નિર્ણય લેવાયો નથી. લાંબા સમયથી ફાઈલો અટવાયેલી રહેતાં કરવેરાની વસૂલાત, એન્ફોર્સમેન્ટ અને અન્ય વહીવટી કામગીરી પર અસર થવાની શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. આથી સંબંધિત વિભાગો વહેલી તકે નિર્ણય લઈને પડતર પ્રશ્નોનો ઉકેલ લાવે તેવી વેટ વિભાગના અધિકારીઓની અપેક્ષા છે.